મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે વિદ્યાર્થીઓને
અભ્યાસ માટે આર્થિક સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૧૦૦૧/સ**
**તા : ૧૭/૦૭/૨૦૧૭**

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૭/૧૦/૨૦૧૫.
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૫/૦૪/૨૦૧૬.
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૦૪/૦૬/૨૦૧૬.
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા ૨૬/૧૨/૨૦૧૬.

**આમુખ:-**

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ આર્થિક સહાય મેળવવા માટે ઓન-લાઇન એપ્લીકેશન કરી શકેલ નથી, તેવા વિદ્યાર્થીઓ પાસેથી એક માસની સમય મર્યાદામાં ઓફ-લાઇન અરજી મંગાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં સહાય મેળવેલ વિદ્યાર્થીઓની રીન્યુઅલ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭થી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ઓન-લાઇન અરજી મંગાવવાનું શરૂ થતાં વર્ષ ૨૦૧૫-૧૬માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓન-લાઇન અરજી સ્વીકારવાનું બંધ કરવામાં આવતાં, રાજ્ય સરકારને આવી અરજીઓ સ્વીકારવા વિવિધ રજૂઆતો મળતા વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઓફ-લાઇન અરજી સ્વીકારવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, સરકારશ્રીનો "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"નો મૂળ આશય તથા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લેતા, ૨૦૧૫-૧૬ના વર્ષમાં જે વિદ્યાર્થીઓ પાત્રતા ધરાવે છે પરંતુ ઓન-લાઇન એપ્લીકેશન કરી શકેલ નથી તેવા વિદ્યાર્થીઓ માટે ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષ પુરતું ઓફ-લાઇન અરજી સ્વીકારવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અરજી ઠરાવ રવાના કર્યા તારીખથી એક માસમાં સુધીમાં કરવાની રહેશે. આ અંગેની આગળની ઘટતી તમામ કાર્યવાહી, નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીએ KCGના પરામર્શમાં હાથ ધરવાની રહેશે.

ટેકનિકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર ...
૨૦૧૭
... ક્રમાંક ...

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર રાજ્ય સરકારની તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ મહેતા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,
- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સંચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

**Knowledge Consortium of Gujarat (KCG)**
**Opp: PRL, Between LDCE and Girl's Polytechnic, Ahmedabad**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

**વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓફ-લાઈન અરજી કરવાની તક**

ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડની શાળાઓમાંથી ધો-૧૨ અથવા ધો-૧૦ અથવા ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી સ્નાતક/ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય કરવાના હેતુથી સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૧૫-૧૬ થી 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' શરૂ કરવામાં આવેલ છે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં પ્રવેશ મેળવેલ અને 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અન્વયે પાત્રતા ધરાવતા જે વિદ્યાર્થીઓ ઓન-લાઈન એપ્લીકેશન કરી શકેલ નથી. તેવા વિદ્યાર્થીઓ માટે ૨૦૧૫-૧૬ ના શૈક્ષણિક વર્ષ પૂરતું ઓફ-લાઈન અરજી સ્વીકારવાનું ઠરાવવામાં આવેલ છે.**

વર્ષ ૨૦૧૫-૧૬માં જે વિદ્યાર્થીઓએ માન્ય બોર્ડની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહની પરીક્ષા ૯૦ કે તેથી વધુ પરસેન્ટાઈલ સાથે પાસ કરી સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય **અથવા** માન્ય બોર્ડની ધોરણ-૧૦ ની પરીક્ષા ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઈલ સાથે પાસ કરી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય **અથવા** માન્ય યુનિવર્સિટી/બોર્ડની ડીપ્લોમાની પરીક્ષા ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમ(ડી ટુ ડી) માં પ્રવેશ મેળવેલ હોય તથા નાંણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં વાલીની (માતા અને પિતાની) કુલ વાર્ષિક આવક રૂ. ૪.૫ લાખ સુધીની હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૧૮/૦૮/૨૦૧૭ સુધીમાં ઓફ-લાઈન અરજી કરવાની રહેશે.

ઓફ-લાઈન અરજીનો નમુનો , જોડવાના જરૂરી દસ્તાવેજો, એફીડેવીટ ફોર્મેટ, આવકનું પ્રમાણપત્રનો નમુનો, આચાર્ય પાસે મેળવવાના પ્રમાણપત્રનો નમુનો તથા જરૂરી સુચનાઓ યોજનાના વેબપોર્ટલ http://mysy.guj.nic.in પરથી મેળવી લેવાના રહેશે. વિદ્યાર્થીઓએ અસલ દસ્તાવેજોની ચકાસણી નજીકના હેલ્પ સેન્ટર ખાતે કરાવી ઓફલાઈન અરજી અને જરૂરી દસ્તાવેજો હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવી પહોંચ (Acknowledgement slip) મેળવી લેવાની રહેશે. યોજનાની તમામ વિગતો ઉપર જણાવેલ વેબપોર્ટલ પર ઉપલબ્ધ છે.

**ઓફલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: તા. ૧૮/૦૮/૨૦૧૭** સીઈઓ,કેસીજી